R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 38/39 DATE: 22-09-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## કેરળમાં નન પર બળાત્કારના આરોપી બિશપ ફ્રેન્કોનું રાજીનામું

કેરળમાં નન પર રેપના કેસમાં આરોપી બિશપ ફ્રેન્કો મુલક્કલે એક સર્કયુલર જારી કરીને વહીવટી જવાબદારીઓ અન્ય પાદરીને સોપીં દીધી છે.તેમણે જલંધર ડાયોસીસના વહીવટ દાયિત્વની સત્તા ફાધર મેથ્યુ કોકંદમને સોપી દીધી છે.૧૩ સપ્ટે. લખાયેલા આ સર્ક્યુલરમાં ફ્રેન્કો તરફથી જણાવાયું હતું કે મારી ગેરહાજરીમાં મેથ્યુ કોકંદમ ડાયોસીસનું દાયિત્વ સંભાળશે.બિશપ ફ્રેન્કોની કેળ પોલીસ ધરપકડ કરી શકે છે.કેરળમાં છેલ્લા કેટલાક સમયથી બિશપની ધરપકડની માંગણી થઈ રહી છે.નન સાથે કેટલાક પાદરીઓ પણ જોડાયા છે.સર્ક્યુલરમાં બિશપ ફ્રેન્કો મુલક્કલે તમામનો મુશ્કેલ સમયમાં સાથ આપવા અને પ્રાર્થના કરવા માટે આભાર માન્યો હતો. તેમણે પત્રમાં લખ્યુ હતું કે આપ સૌને અનુરોધ કરુ છું કે મારા માટે અને કથતિ પીડીત અને તેમના સમર્થકો માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખશો જેથી દિવ્ય શક્તિઓના હસ્તક્ષેપથી લોકોનું હૃદયપરિવર્તન થાય અને ઘટનાની સચ્ચાઈ સામે આવે.તેમણે આગળ લખ્યું છે કે મે બધું ભગવાન ભરોસો છોડી દીધું છે.અને આરોપોની તપાસ કરનારી ટીમના રિપોર્ટની રાહ જોઈ રહ્યો છું.ઉલ્લેખનીય છે કે બિશપ ફ્રેન્કો મુલક્કલ ૨૦૧૪ થ ૨૦૧૬ દરમિયાન એક નન સાથે બળાત્કાર કરવાના આરોપી છે.

આ મામલો હવે વેટીકલ સુધી પહોચી ગયો છે.એવું મનાય છે કે ચર્ચા પછી આ મામલે આવનારા દિવસોમાં વેટિકન હસ્તક્ષેપ કરી શકે છે.દરમિયાન મિશનરીઝ ઓફ જીજસ સંસ્થાએ બિશપ ફ્રેન્કો મુલક્કલનો બચાવ કર્યો ચે. આ સંસ્થાના નિવેદનમાં જણાવાયું છે કે દરેક રેપ પીડીતા માટે દોષી સાથે ઘટના પછી મુલાકાત કરવી એ મરવા સમાન હોય છે.એવામાં જે રેપની વાત થઈ રહી છે, તેના પછી પણ નન બિશપ સાથે ૨૦ વખત મુસાફરીમાં સાથે કેમ રહી ? જ્યારે રોમન કેથોલિક પાદરી પર રેપનો આરોપ લગાવનારી નને ભારતમાં વેટીકન રાજદુત પાસે ન્યાયની ધા નાંખી છે.નને પોતાની અરજીમાં પાદરીને તેમના પદ પરથી દુર કરવાની માંગણી કરી છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૧૩ ઓગષ્ટે કોટ્ટાયમથી આવેલી એક ટીમે બિશપની તેમના નિવાસસ્થાને પુછપરછ કરી હતી. હાલમાં વધુ પુછપરછ માટે તપાસ ટીમ સવાલોની યાદી તૈયાર કરી રહી છે. કોટ્ટાયમના એસપી હરિશંકરના પ્રમાણે,બિશપની પુછપરછ પછી જ ટીમ કોઈ નિકર્ષ પર પહોચશે.પીડીતા નને આરોપ લગાવ્યો છે કે બિશપ ફ્રેન્કો મુલક્કલે ૨૦૧૪ થી ૨૦૧૬ વચ્ચે સતત તેની સાથે રેપ કર્યો હતો.આ ઉપરાંત અન્ય પાંચ નને પણ બિશપ વિરુધ્ધ આ આરોપોને સમર્થન આપ્યું હતું.બીજીતરફ કેરળમાં બિશપ વિરુધ્ધ દેખાવો કરી રહેલી નનના એક સમુહે કહ્યું છે કે તેઓ માત્ર બિશપની ધરપકડ પછીંજ નિરાંત નો શ્વાસ લેશે.

## દિલ્હીમાં મળેલી સંઘની ત્રણ દિવસીય સેમિનારમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતે હિન્દુ રાષ્ટ્રનો અર્થ સમજાવ્યો

દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની ત્રણ દિવસની એક સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમા છેલ્લા દિવસે આમંત્રિતોને સંબોધતા સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યુ હતું કે હિન્દુ રાષ્ટ્રનો અર્થ મુસ્લીમોને તેમાં કોઈ સ્થાન નથી તેવો થતો નથી. કેમકે હિદુત્વ તમામ ધર્મ અને આસ્થાના લોકોને સમાવે છે.ભાગવતે કહ્યુ કે હિન્દુ રાષ્ટ્રનું નિર્માણ મુસ્લીમો વિના થઈ શકે નહીં.હિદુત્વ વિવિધતામાં એકતા,બલિદાન, આત્મનિયંત્રણ અને આત્મના ઉત્ત્થાન સાથે સંકળાયેલું છે.એમ જણાવીને ભાગવતે કહ્યુ હતું કે સંઘ લઘુમતીઓનું વિરોધી નથી અને તેણે બંધારણમાં સુધારો કરવાનું ક્યારેય કહ્યુ નથી.તેઓ વેશ્વીક ભાઈચારા માટે કામ કરે છે.આ તેનો પવિત્ર સિધ્ધાંત છે.દિલ્હીમાં આયોજીત ભવિષ્ય કા ભારત કાર્યક્રમના બીજા દિવસે ભાગવતે કહ્યુ હતું કે સંઘ બંધારણને માનીને ચાલે છે.તેમણે સંઘ અને રાજનીતી વચ્ચેના સબંધોની વાત કરી હતી.સરકારના કામકાજમાં દખલના આરોપો અને અટકળ નકારતાં ભાગવતે કહ્યુ હતું કે લોકો માને છ કે નાગપુરથી ફોન થતો હશે જે બિલકુલ ખોટું છે.સંઘ કાર્યકર્તાઓને પણ ક્યારેય કોઈ એક પાર્ટી માટે કામ કરવા માટે કહેવામાં આવતું નથી.કાર્યકર્તાઓને રાષ્ટ્રહિતમાં કામ કરતા લોકોને સમર્થન આપવાની સલાહ જરુર આપવામાં આવે છે.

તેમણે કહ્યુ કે રાજનીતિ અને સરકારની નીતિઓ પર સંઘનો કોઈ પ્રભાવ નથી. તેઓ અમારા સ્વયંસેવકો છે અને તેઓ તેમના ક્ષેત્રનુ કામ કરવા માટે સમર્થ છે.અમે કોઈપણ સ્વયંસેવકનો કોઈએક વિશિષ્ઠ રાજકીય પક્ષનું કામ કરવા માટે કહેતા નથી.રાષ્ટ્ર માટે એક વિચારને લઈને,એક નીતિનું સ્વપ્ન લઈને કામ કરતાં લોકોના સમર્થનમાં રહો એવુ અમે જરુરથી કહીએ છીએ એ નીતિ કોઈપણ પક્ષની હોઈ શકે છે.

સંઘ તરફથી આયોજીત આ સેમિનાર દ્વારા દેશ અને વિદેશોના આમંત્રિતોને પોતાની ઈમેજ સુધારવાનો એક પ્રયાસ છે અને દેશના મતદાતાઓને આ બદલેલી વિચારધારા દ્વારા આવનાર ચુંટણીઓમાં લાભ મેળવવા માટે છે

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## મોદી સરકાર આપેલા વચનો પાળવામાં તદ્દન નિષ્ફળ નીવડી છે : મનમોહનસિંહ



પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નરેન્દ્ર મોદી સરકાર વચનો પાળવામાં નિષ્ફળ રહ્યાનો આરોપ લગાવતાં તમામ વિપક્ષી દળોને એકતા,અખંડિતતા અને લોકતંત્રને બચાવવા માટે એક થવા આહ્વાન કર્યુ હતું.પેટ્રોલ અને ડીઝલની કિમતોમાં સતત વધારા અંગે નરેન્દ્ર મોદી સરકારને ઘેરવા કોગ્રેસે કરેલા ભારત બંધના એલાન અંતગર્ત થયેલા વિરોધ પ્રદર્શનમાં પુર્વ વડાપ્રધાન બોલી રહ્યા હતા.રામલીલા મેદાનમાં આયોજિત વિરોધ પ્રદર્શનમાં તેમણે કહ્યુ હતું . આટલી મોટી સંખ્યામાં વિપક્ષના નેતાઓ સામેલ થાય એ ઘણી મહત્વની બાબત છે.મોદી સરકાર ઘણુ કરી ચુકી છે જેમાં હદ પાર થઈ ગઈ છે.આ સરકારને બદલવાનો સમય આવી ગયો છે.આજે ખેડતો, યુવાનો સહિત દરેક વર્ગ પરેશાન છે. સિંહે આરોપ મુક્યો હતો કે મોદી સરકાર પોતાના વચનો પુરા કરવામાં નિષ્ફળ રહી છે.તેમણે કહ્યુ હતું કે હવે જરુર છે તે તમામ રાજકીય પક્ષો એક થાય. ભારતની જનતાનો પોકાર સાંભળે. આ ત્યારેજ સંભવ છે જ્યારે આપણે નાના નાના મુદ્દાઓ છોડીને આગળ વધીશું. દેશની એકતાં, અખંડિતતા અને લોકતંત્રને બચાવવા માટે આપણે મળીને કામ કરવું પડશે.

## ૨૦૧૯માં આવનારી ચુંટણીઓમાં યુનીટી રાખીને મોદીને હરાવીશું : રાહુલ ગાંધી



કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર શાબ્દિક પ્રહાર કરતાં કહ્યુ હતું કે ૨૦૧૪માં મોદીએ દેશભરમાં ફરીને મોટા-મોટા વચનોની લ્હાણીકરી હતી. પરંતુ વડાપ્રઘાન બન્યા બાદ તેઓ બધુ ભુલી ગયાઅને એક પણ વચન પુરુ કરી શક્યા નથી.ભ્રષ્ટાચાર, મોંઘવારી, મહિલા સાથે વધી રહેલા અત્યાચાર વિગરે બાબતે વડાપ્રધાન મૌન બની જાય છે અને કશુંય બોલતા નથી.

નવેમ્બર ૧૬માં કરાયેલી નોટબંધીથી ભારતના ચોરોનું કાળુ નાણું સફેદ થઈ ગયું છે. ૨૦૧૯માં તમામ વિપક્ષી પાર્ટીઓ સાથે રાખીને યુનીટી રાખીને મોદીને ચુંટણીમાં હરાવીશું.દેશમાં પેટ્રોલ-ડીઝલના વધી રહેલા ભાવો સામે કોગ્રેસે એક દિવસ માટે ભારતબંધનું એલાન આપ્યુ હતું. જેની મિશ્ર અસરો જોવા મળી હતી.કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજઘાટથી રામલીલા મેદાન સુધી વિરોધ માર્ચ કાઢી હતી.આ દરમિયાન પાર્ટીના અન્ય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી અને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ધરણાં પર બેઠા હતા.રાહુલ ગાંધી કૈલાસ યાત્રા પરથી પરત આવ્યા બાદ ભારત બંધનું પ્રદર્શન શરુ કરતાં પહેલાં દિલ્હી સ્થિત રાજઘાટ પર જઈને મહાત્મા ગાંધીની સમાધિ પર શ્રધ્ધાજલિ આપી હતી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

મુસ્લીમ મહિલાઓને ત્રણ વખત તલાક તલાક તલાક બોલીને છુટાછેડા આપવાની પ્રથા પર રોક લગાવતો વટ હુકમને મોદી સરકારની કેબિનેટની મંજુરી બાદ જારી કરવામાં આવ્યો હતો.સંસદના ચોમાસું સત્રમાં અન્ય રાજકીય પાર્ટીઓ સાથે સર્વસંમતિ નહીં સધાય હોવાને કારણે સરકારે આખરે વટહુકમ બહાર પાડી દીધો હતો.મુસ્લીમ મહિલા લગ્ન અધિકાર સંરક્ષણ કાયદો,૨૦૧૭ રાજ્યસભામાં પસાર થઈ શક્યો નહોતો. જેને પગલે સરકાર દ્વારા વટહુકમના માધ્યમથી આ ખરડાને કાયદાનું સ્વરુપ આપી દેવાયું છે.

જો કે સરકારને મુસ્લીમ મહિલાઓ પ્રત્યે વધુ સહાનુભુતિ ઉભી થઈ હોય કે આવનારી ચુંટણીઓમાં મુસ્લીમ મહિલાઓના મત અંકે કરવાની ચાલ હોય પરંતુ સરકાર સંસદમાં ફાવી શકી નહી તેથી વટહુકમનો આશરો લઈને આ બાબતને કાયદાનું સ્વરુપ આપ્યું. દિલ્હીમાં સંઘની ત્રણ દિવસીય સેમિનારમાં પણ સંઘના પ્રમુખશ્રીના ભાષણોમાં પણ મુસ્લીમ લોકો પ્રત્યે વ્હાલ ઉભરાયું હોય તેમ દેખાઈ રહ્યું હતું. છેલ્લા સિત્તેર વર્ષોથી સતત આ લઘુમતિઓની માત્ર કોંગ્રેસ જ આળ પંપાળ કરે છે તેવું આ લોકો મમળાવતા હતા પરંતુ આ ત્રણ દિવસીય સેમિનારમાં તેમને ગળે વળગાડાવા જેવા પ્રયત્નો થતા દેખાયા. ખેર,સત્તા મેળવવા માટે રાજકીય પક્ષો નીતનવા ખેલ કરે છે તેમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી.

કેબિનેટની બેઠક બાદ પત્રકારોને સંબોધન કરતાં કાયદામંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યુ હતું કે આ વટહુકમને તાકીદે મંજુરી આપવી જરુરી હતી. ત્રિપલ તલાકના મુદ્દાને આસ્થા,પ્રાર્થનાના પ્રકાર અથવા ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી.આ મહિલાઓના ન્યાય,મહિલાઓના ગૌરવ અને મહિલાઓને સમાન દરજ્જો આપવાનો મામલો છે.પરંતુ કાયદામંત્રી એ વાત ભુલી જાય છે કે તેમના સવોર્ચ નેતાએ આ બાબતે તેઓ કહેછે તેનાથી વિપરિત વર્તન કર્યુ છે.તો તે મહિલાને ન્યાય અપાવવા તેઓ શું કરી શકે છે .જો આ બાબતે તેઓ કાંઈ કહે તો તેમની અવદશા થાય તેવું વિચારી શકાય.

કોંગ્રેસ પર આરોપ મુકતા પ્રસાદે જણાવ્યુ હતું કે આ ખરડો પસાર કરાવવા રાજ્યસભાના કોંગ્રેસ નેતા ગુલામનબી આઝાદને પાંચવાર અપીલ કરી હતી. પરંતુ તેમણે આ વાતને ટાળી દીધી હતી.મુસ્લીમ કેટલાક દેશો છે જેમાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે.જો કે તલાક કે છુટાછેડાના અનેક કેસો આપણી કોર્ટમાં મોજુદ છે.પતિ પત્ની એકબીજાની સાથે હળીમળીને રહી શકે તેમ ના હોય તો તેઓ છુટા પડી શકે છે પરંતુ અન્યાયી રીતે નહીં.મુસ્લીમ મહિલાઓમાં શિક્ષણ ઓછુ હોવાને કારણે તેઓ તલાક બાદ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તલાક બાદ તેઓ સામાજિક અને આર્થિક રીતે તેઓ પીડાદાયક જીવન જીવવાને માટે મજબુર બને છે.સાથે સાથે બાળકો સાથે તલાક થાય તો બિચારીને વધુ મજબુર થવું પડે છે. ખેર,તેઓને આર્થિક અને સામાજીક જીવનમાં તલાક બાદ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો ન પડે માટે કાયદામાં તેમને રક્ષણ આપતી જોગવાઈઓ હોવી જરુરી છે.તલાકને મામલે રાજનીતી કોઈપણ પક્ષે કરવી ના જોઈએ પરંતુ હાલની પરિસ્થિતિમાં કોંગ્રેસ અને ભાજપ બેઉ પક્ષો તલાકના મામલે રાજનીતિ પર ઉતરી આવ્યા છે.જો કે ભાજપે વટહુકમ બહાર પાડીને પોતાની રાજનીતિમાં આગળ વધી ગયા છે.

## સ્ત્રીનું સન્માન થાય ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે

ઈશ્વર વિશે કંઈ પણ લખવું-બોલવું અતિ અઘરુ છે. એવું જ સ્ત્રી માટે પણ કહી શકાય. 'હરિ તારા નામ છે હજાર 'એમ ' નારી તારા રુપ છે હજાર ' એવું કહેવું હોય તો કહી શકાય. આપણે એ ભુલવું જોઈએ નહીં કે,સ્ત્રી એક માતા છે. ભલે એના અનેક રુપો હોય, પણ એનામાં રહેલા માતૃત્વને શત શત વંદન કરીને પછી જ સ્ત્રી શબ્દ વિશે વાત કરી શકાય.શુંગારશતકમ્ (૨૦)માં કહ્યું છે : મુખ ચંદ્રકાન્તિમણિ જેવું, કેશ ઈન્દ્રીય નીલમણિ સમાન અને હાથ પદ્મરાગમણિ જેવા હોવાના કારણે સ્ત્રીઓ રત્ન સ્વરુપ છે. એ રત્નને સાચવવાની જવાબદારી પુરુષની છે. કોઈએ કહ્યું છે : સ્ત્રીએ બ્રહ્માની ગમી જાય એવી ભુલ છે. એ ભુલ જ જગતજનની છે. મનુએ કહ્યું છે : સુયોગ્ય પત્ની પરિવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.એનામાં શું હોય છે ? એ શું કરી શકે છે ? વાલ્મીકી રામાયણ(૩-૧૩-૬)માં કહ્યું છે : સ્ત્રીઓ વિદ્યુતની ચપળતા, શસ્ત્રોની તીક્ષ્ણતા તથા ગરુડ એટલે કે વાયુની તીવ્ર ગતિનું અનુસરણ કરે છે.ધારે તે કરી શકવાની એનામાં ક્ષમતા છે.એ માત્ર પત્ની,દીકરી, માં, પ્રેમિકા, કે મિત્ર જ નથી, તે ઘણું બધુ છે.વાલ્મીકી રામાયણ(૩-૪૫-૨૮)માં કહ્યું છે : સામાન્ય રીતે સ્ત્રીઓ વિનય વગેરે ધર્મો વિનાની,ચંચળ,કઠોર તથા ઘરમાં ઝટપટ કરનાર છે.એથી વધારે વિગત તો વાલ્મિકીએ પોતાના રામાયણમાં એના શ્લોકોમાં સ્ત્રીઓ વિશે કહ્યું છે: સ્ત્રીઓ માટે ન ઘર, ન ચાદરનો ઘુંઘટ,ન પડદાની ચાર દિવાલો,ન ચકચકિત પડદા ન એવા પ્રકારના રાજસત્કાર જ આડ કરવાવાળા છે.સ્વજનોનો વિયોગ થવા છતાં, યુધ્ધભુમિમાં, સ્વયંવર સભા,. યજ્ઞશાળા એ લગ્નમાં લોકોની સામે ઘુંઘટ સિવાય આવવું કોઈ દોષ નથી. ઉઘાડા મોએ આવા સમયે આવવા માં કોઈ વાંધો હોઈ શકે જ નહી.તો એમાં બીજી જગ્યાએ કહ્યું છે : શું તમે તમારી સ્ત્રીઓને સંતોષ આપો છો ? શું તે તમારા દ્વારા સુરક્ષિત છે ? તમે એમના ઉપર વધારે વિશ્વાસ તો કરતા નથી કે ? તમારી ખાનગી વાત એને કહી દેતા નથી ને ?

સ્ત્રી -સ્ત્રી(સં)બૈરી(૨)પત્ની(૩) નામ પુર્વે આવતા સ્ત્રી વાચક નારી જાતિ બનાવે છે. દા.ત. સ્ત્રી કવિ,સ્ત્રી પ્રમુખ વગેરે. મનુએ કહ્યું છે : જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે.આપણે સ્ત્રીનું સન્માન કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે આપણે માતૃત્વને વંદીએ છીએ. સ્ત્રીએ શું કરવું જોઈએ ? ધર્મામૃત(૧૨-૨૮)માં કહ્યું છે : કુલીન સ્ત્રીઓએ સદાય પોતાના પતિના મનને અનુકુળ વ્યવહાર કરવો જોઈએ,કારણકે પતિવ્રતા સ્ત્રીઓ ધર્મ,લક્ષ્મી,સુખ અને યશની એકમાત્ર ધ્વજા હોય છે.ઘરની ઈજ્જત, આબરુ,માન-મોભો જે કાંઈ છે તે સ્ત્રી છે.સ્ત્રી જ કુળને તારી શકે અને ડુબાડી શકે છે. જે ઘરમાં કુળવાન સ્ત્રી હોય એ ઘરમાં સદાય શાંતિ અને આનંદ હોય છે.સ્ત્રી તો કુટુંબનું નાક છે.હસતા મુખે કોઈને આવકાર આપવો, અતિથિનો સત્કાર કરીને એની સગવડ સાચવવી, ગુણવાન સ્ત્રી એ અનેક પેઢીઓ તારી શકે છે. ચાણક્યશતકમ(૯૦)માં કહ્યું છે : કિસાન માટે હંમેશા સુકાળ છે અને નિરોગી સદા સુખી છે. જેના ઘરમાં પ્રેમાળ સ્ત્રી છે એના ઘરમાં સદાય ઉત્સવ જ છે. પ્રેમ તો જગતનો શ્વાસ છે. પ્રેમાળ પત્ની એ ઘરનો દીપક છે. પ્રેમાળ સ્ત્રી તો ધુપસળી જેવી છે.જે પોતે બળીને બીજાને સુગંધ આપે છે.સ્કન્ધપુરાણ(૫૯-૨૭)માં કહ્યું છે : નિમ્ન કુળમાં જન્મેલી ભક્તિવાન સ્ત્રી જો ભક્તિમાં પુત્રની જનની હોય તો તે કુલી છે એવું હું કહું છુ. આ બધી બાબતો જ્યારે કુળભેદ હતા ત્યારની છે.સમયના પરિવર્તનની સાથે સાથે સમાજ-જીવનમાં પણ પરિવર્તન આવતું રહે છે.પણ આપણા શાસ્ત્રો-પુરાણોમાં જે બાબતો જણાવેલી છે એને સમજવાની જરુર છે.એટલા માટે આપણે તે જોઈએ છીએ.યુગોથી સ્ત્રી એ જનેતા છે અને યુગો પછી પણ જનેતા જ રહેવાની છે. એનું માન-સન્માન એજ ભાવથી થવું જોઈએ. આપણે કહીએ છીએ કે સ્ત્રીના કારણેજ ઘર ઉજળું રહે છે.શુક્રનીતિ(૧-૧૧૪)માં કહ્યું છે : સ્ત્રીઓમાં જે આસક્તિ રાખતા નથી એમના માટે તે સુખદાયક હોય છે.કારણકે ઘરના કામમાં સ્ત્રી સિવાય બીજું કોઈ સહાયક બની શકતું નથી. ઘરની નાર જો કભારજા હોય તો એ ઘર તરફ કોણ ફરકે ?જ્યાં આવકાર ન મળતો હોય, પ્રેમથી કોઈ બોલાવનાર ન હોય , એ ઘેર કોઈ જાય ખરુ ?

આમ છતાં સ્ત્રીનું મન કોઈ કળી શકતું નથી.આપણે કહીએ છીએ કે બાળક કોનું છે એ મા સિવાય કોણ જાણે ?અગ્નિની જ્વાળાઓને વશમાં કરી શકાય છે.પવનને પણ પકડી શકાય છે. છંછેડાયેલા સાપને પણ વશમાં કરી શકાય છે.પણ કામિનીઓ(સ્ત્રીઓ)નું મન વશમાં કરી શકાતું નથી.જો કે દરેકનું મન તો ચંચળ જ છે. મનને કોઈ સિધ્ધ યોગી જ વશમાં કરી શકતા હોય છે. છતાં પુરુષના મનને વાંચી શકાય છે.એવું માનવાં આવે છે.સ્ત્રીઓ જેની સાથે રહેતી હોય,જે ઘર વાતાવરણાં જીવતી હોય, એ પ્રમાણેજ જીવવાનો પ્રયત્ન કરતી હોય છે.

ડૉ કિશોરસિંહ સોલંકી,
(સૌ. સંદેશ)

## જેએનયુ કેસમાં ૯૦૦ દિવસ પછી પણ હાઇકોર્ટમાં ચાર્જશીટ હજુ રજુ થઇ નથી

દેશદ્રોહના દિલ્હીની પ્રતિષ્ઠિત જવાહરલાલ નહેરુ યુની.થયેલા કેસમાં હજુ સુધી પોલીસે ૯૦૦ દિવસ પછી પણ ચાર્જશીટ દાખલ કરી નથી.જ્યારે નિયમ અનુસાર સીઆરપીસીની કલમ્ ૧૭૩ અંતર્ગત ૯૦ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવી પડે.દિલ્હી પોલીસનો દાવો છે કે ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓમાં કનૈયાકુમાર, ઉમર ખાલીદ, અને અનિરુધ્ધ ભટ્ટાચાર્ય સિવાય કાશમીરના કેટલાક યુવાનો વિરુધ્ધ પોલીસ પાસે ખુબ મજબુત પુરાવા છે.આ કેસ હમણાં ટ્રાયલ પર ચાલી રહ્યો છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯

## વિશ્વમાં નશીલી દવાઓ બનાવતા ૨૧ દેશોની યાદીમાં ભારતને સામેલ કરતાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને એક વધુ લપડાક મારી છે.ટ્રમ્પે નશીલી દવાઓનું ઉત્પાદન કરનારા અને એવી દવાઓ બહાર મોકલનારા દેશોમા ભારતને અન્ય ૨૧ દેશોની સુચિમાં સામેલ કરી દીધા છે.મોટાપાયે ડ્રગ્સ બનાવનાર અને તેને બહાર મોકલનાર અન્ય એશીયન દેશોમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને મ્યાંમાર પણ સામેલ કરાયા છે.

ભારત ઉપરાંત બહામાસ, બેલિઝ,બોલિવીયા, કોલંબિયા, કોસ્ટારિકા, ડોમિનિકન રિપબ્લીક, ઈક્વાડોર, અલસાલ્વાડોર, ગ્વાટેમાલા, હેતી, હોન્ડુરસ, જમૈકા, લાઓસ, મેક્સીકો, નિકારાગુવા, પનામા, પેરુ અને વેનેજુએલા જેવા દેશો પણ આ યાદીમાં સામેલ છે. ટ્રમ્પે કહ્યુ હતું કે આ યાદીમાં દેશોને રાખવા પાછળના કારણોમાં ભૌગોલિક,વ્યાવસાયિક અને આર્થિક કારણો છે જેના કારણે નશીલા પદાર્થોને બહાર મોકલવામાં આવે છે. અને તેનું ઉત્પાદન થાય છે.આવું ત્યાની સરકારો નશીલા પદાર્થો પર અંકુશ માટે નક્કર અને સતત કદમ ઉઠાવી રહી હોય તો પણ બની રહ્યું છે.ટ્રમ્પે કહ્યુ હતું કે અમેરિકા નશીલી દવાઓનુ ઉત્પાદન કરતા અને તેને બહાર મોકલતા દેશોમાં આવી પ્રવૃત્તિ ઘટે એ માટે કટિબધ્ધ છે.આ ઉપરાંત અમેરિકા ઓવર પ્રિસ્ક્રિપ્શનની પ્રવૃત્તિને પણ ડામવા માગે છે એમ પણ તેમણે કહ્યુ હતું.તેમણે ચિંતા વ્યક્ત કરતાં કહ્યુ હતું કે કોલંબિયા,મેક્સિકો



અને અફઘાનિસ્તાનમાં નશીલી દવાઓનું ઉત્પાદન મોટાપાયે ચાલી રહ્યું છે.જે ઘણું ચિંતાજનક છે. આ ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોચ્યું છે.તેમણે તેવો દાવો કર્યો હતો. તેમણે કહ્યુ હતું મેકસિકોમાં ઉત્પાદિત હેરોઇન અને કોલંબિયાના કોકેઇનથી અમેરિકામાં હજારો લોકો મોતને ભેટે છે.

## રિઝર્વ બેન્કના પુર્વ ગર્વનરે પીએમ ઓફીસને કૌભાડીઓની યાદી સોપી હતી પરંતુ કાર્યવાહી કરવામાં આવી નહીં



રિઝર્વ બેન્કના પુર્વ ગર્વનર રઘુરામ રાજને સંસદીય સમિતિને સોંપેલા એક રિપોર્ટમાં જણાવ્યુ હતું કે તેમણે દેશના હાઇ પ્રોફાઇલ કૌભાંડીઓની એક યાદી પીએમઓને સોપી હતી.પરંતુ તેની પર કોઇ કાર્યવાહી કરવામાં આવી નહોતી.આ કાર્યવાહી કેમ કરાઇ નહોતી તેની કોઇ માહીતી નથી.સંસદીય સમતિના અધ્યક્ષ મુરલી મનોહર જોશીને આપેલા પોતાના રિપોર્ટમાં રાજને કહ્યુ છે કે બેન્ક કર્મચારીઓના અતિ ઉત્સાહ,સરકારની નિર્ણય લેવાની પ્રકીયામાં આળશ, આર્થિક વૃધ્ધિ દરમાં ઘટાડો એ વધી ગયેલા બિન કાર્યક્ષમ અકસ્યામતોનું પ્રમુખ કારણ છે. તેમણે ઉમેર્યું હતું કે કોલસા ખાણોની ફાળવણીની સાથે તપાસની આશંકા જેવા રાજકીય કારણોને કારણે યુપીએ અને એનડીએ એમ બંન્ને સરકારોમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં વિલંબ થયો હતો. રાષ્ટ્રીયકૃત બેન્કોમાં કૌભાંડોની યાદી દિવસે-દિવસે વધી રહી છે.

સપ્ટે.૨૦૧૩થી ૨૦૧૬ સુધી રિઝર્વ બેન્કના ગર્વનર રહેલા રાજને સંસદીય સમિતિને જણાવ્યુ હતું કે હું જ્યારે ગર્વનર હતો ત્યારે આરબીઆઇએ ફ્રોડ મોનીટરીંગનો એક વિભાગ બનાવ્યો હતો.જેથી તપાસ કરનારી સંસ્થાઓને ફ્રોડ કરનારની માહીતી અપાય. એ વખતે મે પીએમઓને એક હાઇપ્રોફાઇલ ફ્રોડનું લીસ્ટ મોકલ્યું હતું.અને તેમાંથી કોઇ એક અથવા બે કૌભાડીઓને પકડી લેવા ભલામણ કરી હતી. પરંતુ મને ખબર નથી કે એ દિશામાં શું પ્રગતિ થઇ છે ? આ એવો મામલો હતો કે તેના પર તત્કાળ કાર્યવાહીની જરુર હતી.પરંતુ એક પણ કૌભાંડીની કમનસીબે ધરપકડ થઇ શકી નથી.

પુર્વ ગર્વનરના રિપોર્ટ મુજબ સરકારે પગલાં લીધા નહી તેથી સરકાર દોષિત છે તેઓને કૌભાંડોની જાણકારી મળી હતી.હવે યુપીએ સરકારને બદનામ કરવા માટે તેમની પાસે કોઇ વિકલ્પ છે નહીં.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે. મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ, ૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

## સ્વાસ્થ માટે હાનિકારક ૩૨૮ દવાઓ પર સરકારનો પ્રતિબંધ : આવી દવાઓ વેચનાર મેડિકલ સ્ટોર્સ સામે ફરિયાદ થશે

મેડીકલ સ્ટોર્સમાં સરળતાથી મળતી દર્દ નિવારક દવા અને કફ સિરપ જેવી દવાઓ હવેથી મળશે નહીં. કેન્દ્ર સરકારે આવી ૩૨૮ દવાઓ પર પ્રતિબંધ મુકી દીધો છે. એમાં કેટલીક એવી દવા છે જે ડોકટરના પ્રિસ્કીપ્શન વિના સરળતાથી મળતી હતી. એ ફિક્સ્ટ્ ડોઝ કોમ્બીનેશન(એફડીસી)દવા છે. એમાં એબોટ,પીરામલ,મેક્લિઓડ્સ, સિપ્લા અને લ્યુપીન જેવી કેટલીક મોટી બહુરાષ્ટ્રીયકંપનીઓની કમાણીને અસર પહોચશે.

દેશમાં આ પ્રકારની ખતરનાક દવાની લગભગ ૬૦૦૦ જેટલી બ્રાન્ડ છે. આ દવા દર્દીઓ માટે ખતરનાક છે. ડ્રગ ટેકનોલોજી એડવાઇઝરી બોર્ડએ મંત્રાલયને ભલામણ કરી છે.ડીએટીબીની આ ભલામણ ગત વર્ષે સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ બાદ કરાઇ છે.હવે કેન્દ્ર સરકારે આ દવા પર પ્રતિબંધ મુકવા માટે જાહેરનામું પ્રગટ કરી દીધું છે.

જોકે એવું પણ કહેવાય છે કે આ માટે કોર્ટના દરવાજા ખટખટાવામાં આવશે. ડીએટીબી એ એમ કહ્યુ છે કે આ દવા દર્દી માટે ખતરનાક હોઇ શકે છે. આ ૩૨૮ દવા પર પ્રતિબંધ લાગવાથી હવે મેડીકલ સ્ટોર્સ પર એનું વેચાણ ગેરકાનુની લેખાશે. જો કોઇ મેડિકલ સ્ટોર્સ આ દવા વેચશે અને પકડાશે તો મેડિકલ સ્ટોર્સના માલિક પર એફઆઇઆર દાખલ કરાશે.

## એનએસજીના સભ્યપદ મેળવવાના પ્રયાસોને ચીને વિટો વાપરીને અટકાવ્યા

ભારત પાસે એનએસજીનું સભ્યપદ મેળવવાની તમામ યોગ્યતા છે અને અમેરિકા પણ તેની તરફેણ કરી રહ્યું છે ત્યારે ૪૮ સભ્યોના બનેલા જુથમાં ભારત સભ્યપદ મેળવવા માટે ભારે પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેના પ્રયાસને ચીને વીટો વાપરીને અટકાવ્યો છે.અમેરિકાએ જણાવ્યુ હતું કે ભારત પાસે આ સભ્યપદ મેળવવાની લાયકાત છે અને અમે ભારતને આ સભ્યપદ મળે માટે ઉત્સુક છીએ અને તેની તરફેણ કરીએ છીએ.ચીન આ બાબતે મક્કમ છે કે જુથના નવા સભ્યે પરમાણું બિનપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કરેલા હોવા જોઇએ.ભારતે એનપીટી પર હસ્તાક્ષર કરેલા નથી.

## પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણી ડિસેમ્બરના બીજા સપ્તાહમાં કરાશે

દેશમાં લોકસભા ૨૦૧૯ની ચુંટણી પહેલા મધ્યપ્રદેશ,રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરામની વિધાનસભાની ચુંટણીઓ પર સૌની નજર છે.ચુંટણી પંચે આ પાંચેય રાજ્યોની વિધાનસભાની ચુંટણીઓ અંગેની મોટાભાગની તૈયારીઓ કરી દીધી છે.હવે આ બાબતે ચુંટણી પંચ તે અંગેની સત્તાવાર જાહેરાત કરશે.જો કે ચુંટણી પંચના સુત્રો દ્વાર આ પાંચેય રાજ્યોમાં ડિસેમ્બરના બીજા સપ્તાહમાં ચુંટણીઓ યોજાય તેવી શકયતાઓ વ્યક્ત કરાઇ હતી.૨૦૧૩માં છત્તીસગઢ વિધાનસભાની ચુંટણી બે તબક્કામાં યોજાઇ હતી જો કે આ વખતે છત્તીસગઢ વિધાનસભાની ચુંટણી એકજ તબક્કે યોજાશે.આ સાથે તેલંગાણાની ચુંટણીઓ પણ યોજાશે.ચુંટણી પંચ દ્વારા અંતિમ મતદાર યાદીની ઘોષણા કરવામાં આવશે.જે ૮મી ઓક્ટો. સત્તાવાર રીતે પ્રસિધ્ધ કરાશે.

છત્તીસગઢ,મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિધાનસભાની મુદત અનુક્રમ્પ.,૭,અને ૨૦ જાન્યુઆરીએ પુર્ણ થાય છે.

તેલંગાણાની ચુંટણીઓમાં વિવિધ પક્ષોનું ગઠબંધન થયું હોવાથી સત્તારુઢ પક્ષે વહેલી ચુંટણી કરાવીને જીત હાંસલ કરી લેવાની ઇચ્છા બર આવે તેવું લાગતું નથી.ભાજપાને અહીયા કપરા ચઢાણ છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# તલાક,તલાક,તલાક હવે દંડનીય અપરાધ બનશે : સરકારે વટહુકમ જારી કર્યો

કેન્દ્ર સરકારે દેશમાં ટ્રીપલ તલાક પ્રથા સામે કાનુની પગલાં ભરવાના પગલાં રુપે વટહુકમ બહાર પાડ્યો છે. આ વટહુકમ અંતગર્ત હવેથી કોઇપણ મુસ્લીમ પુરુષ તેની પત્ની સાથે ઇન્સન્ટ તલાક લેશે તો તે દંડનીય અપરાધ ગણાશે.કાયદામંત્રી રવિશંકર પ્રસાદે કહ્યુ હતું કે તલાક એ બિદ્દત અંગે વટહુકમ લાવવા માટે સરકાર પાસે કોઇ વિકલ્પ નહોતો.સુપ્રીમ કોર્ટે આ અંગે આકરા પગલાં ભરવા માટે કહ્યુ છે. પ્રસ્તાવિત હુકમ પ્રમાણે, ટ્રીપલ તલાક ગેરકાયદે અને અપ્રસ્તુત બની જાય છે.આમ છતાં યો કોઇ મુસ્લીમ પુરુષ તેનો અમલ કરશે તો તેને ત્રણ વર્ષની સજા થઇ શકે છે.આ કાયદાનો દુરુપયોગ થઇ શકે તેવી દહેશત ફગાવી દઇને પ્રસદે કહ્યુ કે તેમાં કેટલાક સુરક્ષાત્મક ઊપાયો પણ દર્શાવાયા છે.અને ટ્રાયલ દરમિયાન આરોપી પતિને જામીન મળી શકે તે માટેની કલમોની જોગવાઈ પણ રખાઇ છે.કેબિનેટ દ્વારા ૨૯ ઓગષ્ટે આ સુધારાને મંજુરી આપવામાં આવી હતી.પ્રસાદે કહ્યુ હતું કે આ વટહુકમ લાવવા માટે એકદમ તાકીદ અને લાચારી હતી. કેમકે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે આ પ્રથા પર પ્રતિબંધ લાદ્યો હતો તે પછી પણ આ દુષણ જારી રહ્યું હતું.તેમણે કહ્યુ હતું કે રાજ્યસભામાં આ બીલ પેન્ડીંગ છે પરંતુ કોગ્રેસ એ બાબતે વોટબેન્કનું રાજકારણ રમી રહી છે તેવો આરોપ મુક્યો હતો.જો કોની લાચારી છે અને કોણ વોટબેન્ક અંકે કરવા માંગે છે તે સમજ હોય તેને સમજવા માટે આ બાબત કાફી છે.

# ડ્રાઇવિંગ લાઇસંસ અને આરસી બુક ડીજીટલ સ્વરુપે પણ માન્ય ગણાશે

હવે રાજ્યના વાહન ચાલકોને વાહનની આર.સી.બુક અને ડ્રાઇવિંગ લાઇસંસ સાથે રાખવામાંથી મુક્તિ મળશે. અત્યાર સુધી ડ્રાઇવિંગ લાઇસન્સ અને વાહનની આર.સી.બુક ન હોય તો વાહન ચાલકને દંડ ભરવો પડતો હતો. પરંતુ હવે રાજ્યના વાહન વ્યવહાર વિભાગે ડીજીટલ લોકર અને એમ પરિવહન એપ દ્વારા રજૂ કરવામાં આવનારા ડ્રાઇવિંગ લાઇસન્સ અને આર.સી બુકને મુળ દસ્તાવેજની જે જ ગણવાનો નિર્ણય લીધો છે. આ અંગે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી સુચનાઓના પગલે રાજ્યના વાહન વ્યવહાર વિભાગે ડીજીટલ કોપીને મુળ દસ્તાવેજની જેમ જ માન્યતા આપવાનું ફરજીયાત બનાવ્યું છે. વાહન વ્યવહાર વિભાગના આ નિર્ણયથી વાહનચાલકોને મોટી રાહત મળશે.

હાલ મોટર વાહન કાયદાની જોગવાઇ પ્રમાણે વાહન ચલાવતી વખતે ડ્રાઇવિંગ લાઇસન્સ, આર.સી.બુક, પીયુસી, વીમા પોલીસી સાથે રાખવી ફરજીયાત છે. આ દસ્તાવેજો તેના ભૌતિક સ્વરુપે રાખવાના બદલે જો ડીજીટલ સ્વરુપે વાહન માલિક કે ડ્રાઇવર મોબાઇલમાં રાખે તો ઘણી સુગમતા થાય તેમ હોઇ ભારત સરકાર દ્વારા વખતો વખત ડીજીલોકર અને એમ પરિવહન એપ પ્લેટફોર્મથી આ દસ્તાવેજો રજુ કરવામાં આવે તો તેને મુળ દસ્તાવેજો સમકક્ષ ગણવા સુચનાઓ આપવામાં આવી છે. ભારત સરકારની સુચનાઓના આધારે રાજ્યના વાહન વ્યવહાર વિભાગે પરિપત્ર બહાર પાડ્યો છે.જેમાં ડિજીટલ સ્વરુપે રજુ થયા ડ્રાઇવીંગ લાઇસન્સ,અને આર.સી બુકને માન્ય ગણવાના રહેશે તેમ જણાવાયું છે. ભારત સરકારના મીનિસ્ટ્રી ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજીના ડીજીલોકર પ્લેટફોર્મ અને મીનિસ્ટ્રીઓફ રોડ,ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝના એમ પરિવહન એપ પ્લેટફોર્મ પર ભારતીય નાગરિકોને ઇસ્યુ કરવામાં આવેલા ડ્રાઇવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશનને ઇલેક્ટ્રોનિક ફોર્મમાં રાખવાની સલવડ આપવામાં આવે છે. આ બંને પ્લેટફોર્મ પર મુકેલી ડીજીટલ કોપીઓ મુળ દસ્તાવેજો જેવી જ માન્યતાઓ આપવાનું ફરજીયાત બનાવાયુ છે.આઇ.ટી એક્ટ ૨૦૦૦ની જોગવાઇઓ મુજબ ડેજીલોકર પર રજુ થયેલા ડ્રાઇવિંગ લાયસંસ અને રજીસ્ટ્રેશન સર્ટીની ડીજીટલ કોપીને મોટર વાહન અધિનિયમ-૧૯૮૮મુજબ વેલીડ ગણવા તેમજ ટ્રાન્સપોર્ટ ઓથોરીટી દ્વારા જારી થયેલા સર્ટી.ની જેમ જ માનવાનું નક્કી કરાયૂં છે.જો વાહન માલિક કે ડ્રાઇવર દ્વારા ગુનો આચરવામાં આવે અને દસ્તાવેજો કબજે લેવાની જરુરીયાત ઊભી થાય તેવા કિસ્સામાં એર્ફોસમેન્ટ એજન્સી આ દસ્તાવેજોને વાહન-સારથી ડેટાબેઝ પરથી ઇલેક્ટ્રોનિક સ્વરુપમાં મેળવી શકશે.આ દસ્તાવેજોને ફીઝીકલ સ્વરુપમાં સીઝ કરવાની જરુરીયાત રહેશે નહીં.

### જાણવા જેવું

મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.

થાઇલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઇ સજાની જોગવાઇ નથી.

ગ્રેહામ ગિન્ડના બ્રાઇટન અર્ખ નામના પુસ્તકની પ્રથમ એડીશનની કિંમત એંશી હજાર રુપીયા બોલાય છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૫-એના મામલે પીડીપી નેતા મહેબુબા મુફ્તિએ પંચાયતની ચુંટણીનો બહિષ્કાર કરવાની ઘોષણા કરી : અંતિમ શ્વાસ સુધી આ મામલે લડી લેવાની તૈયારી બતાવી

જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ પછી હવે ભાજપના એક વખતના સાથી પક્ષ રહી ચુકેલા મહેબુબા મુફ્તિની પાર્ટી પીડીપીએ પંચાયતની ચુંટણીનો બહિષ્કાર કરવાની ઘોષણા કરી છે. પીડીપીએ કલમ ૩૫-એ માટે ચુંટણીમાંથી હટી જવાનો નિર્ણય કર્યો છે.જમ્મુ-કાશ્મીરના પુર્વ સીએમ મહેબુબા મુફ્તિએ પીડીપીની એક ઉચ્ચ સ્તરીય બેઠક પછી રાજ્યમાં કલમ ૩૫-એને યથાવત રાખવા માટે સમર્થન આપ્યું છે.મહેબુબાએ કહ્યુ હતું કે તેઓ અંતિમ શ્વાસ સુધી જમ્મુ-કાશ્મીરના ખાસ દરજ્જાને જાળવી રાખવાની લડાઇ લડશે કેમકે કલમ ૩૫-એ અંતગર્ત મળેલો વિશેષ દરજ્જો રાજ્યના દરેક વ્યક્તિના જીવન સાથે સંકળાયેલો વિષય છે.મહેબુબાએ કહક્યુ હતું કે જ્યાં સુધી કેન્દ્ર આ મામલે પોતાનું વલણ સ્પષ્ટ નહીં કરે ત્યાં સુધી પીડીપી પણ પ્રસ્તાવિત પંચાયત ચુંટણીઓના બહિષ્કાર કરશે.આ ઉપરાંત રાજ્યના વિશેષ દરજ્જાને જાળવી રાખવા માટે દરેક મોરચે લડાઇ ચાલુ રહેશે. મહેબુબાએ કહ્યુ છે કે જમ્મુ-કાશ્મીરમાં હાલમાં સર્જાયેલા ભય અને અનિશ્ચિતતાના માહોલ વચ્ચે કોઇપણ ચુંટણીઓ કરાવવી અયોગ્ય રહેશે.

# ફ્લોરેન્સના વાવાઝોડાએ પુર્વ અમેરિકામાં તબાઇ સર્જી,જળતાંડવ અનેક શહેરોમાં પુરના પાણી ફરી વળ્યા : ૧૭ લાખ થી વધુ લોકો પ્રભાવિત થયા

અમેરિકાના પુર્વ કાઠા પર ત્રાટકેલા ફ્લોરેન્સ વાવાઝોડાએ કાળો કેર વર્તાવ્યો હતો અને ઠેરઠેર તારાજી સર્જી હતી.વાવાઝોડું નબળું પડ્યું હતું પમ તેણે નોર્થ કેરોલીના,અને સાઉથ કેરોલીના તેમજ મેરિલેન્ડ, વર્જીનીયા અને જ્યોર્જીયામાં તબાહી સર્જી હતી. પુર અને વરસાદને કારણે પાંચ લોકોના મરણ થયા હતા.મૃત્યું આંક વધી શકે છે તેવી શક્યતા સત્તાવાળાઓ તરફથી વ્યક્ત કરાઇ હતી.

ભારે તોફાની વરસાદ તેમજ સુસવાટા બોલાવતાં પવનને કારણે નદીનાણાં છલકાઇ ગયાં હતા. અને અનેક રાજ્યોમાં જળતાંડવ મચ્યું હતું.ઠેર ઠેર વૃક્ષો પડી ગયા હતા અને નદીઓ છલકાઇ ગઇ હતી.પુરના પાણી અનેક શહેરોમાં ઘુસી ગયા હતા.સત્તાવાળાઓ દ્વારા અનેક સ્થળે ઘરમાં ફસાયેલા લોકોને સલામત સ્થળે લઇ જવા માટે જહેમત કરવી પડી હતી.વાવાઝોડાને કારણે ૧૭ લાખ જેટલા લોકો પ્રભાવિત થયા હતા.નોર્થ કેરોલીના ના મેયર રોષ કપુરે કહ્યુ હતું કે છેલ્લા ૧૦૦૦ વર્ષોમાં આવો વરસાદ પડ્યો નહીં હોય તેટલો આ વખતે પડ્યો હતો. હવામાન ખાતાના આંકડાઓ મુજબ નોર્થ અને સાઉથ કેરોલીના માં ૩૦ થી ૪૦ ઇંચ વરસાદ ખાબક્યો હતો.તેમજ ૭૦ થી ૮૦ માઇલની ઝડપે પવન ફુંકાયો હતો.

# ફીલીપાઇન્સમાં માંગખુટ વાવાઝોડુ ત્રાટક્યુ : ૧૬૭માઇલની ઝડપે પવન ફુંકાયો

ઉત્તર ફીલીપાઇન્સ માંગખુટ વાવાઝોડું ત્રાટકતાં પ્રતિકલાક૧૬૭ માઇલ(૨૬૯ કી.મી.)ની ઝડપે પવન ફુંકાતા ભારે તારાજી સર્જાઇ હતી. વાવાઝોડાએ ૧૪ લોકોનો ભોગ લીધો હતો.સંદેશા વ્યવહાર અને વીજળી ગુલ થઇ ગઇ હતી.એરપોર્ટને નુકશાન થયું હતું.આ વાવાઝોડું દક્ષિણ ચીન સાગર પાર કરીને ચીનના ગુઆંગડોગ વિસ્તારમાં ત્રાટકવાની વકી છે.આ વાવાઝોડાથી ૧૨૦ અબજ ડોલરનું નુકશાન થશે તેવો અંદાજ મુકાયો છે.આ વાવાઝોડાથી ફિલિપાઇન્સમાં ૨૦ અબજ ડોલરનું નુકશાન પહોંચ્યું છે.અત્યાર સુધીમાં ફીલીપાઇન્સ પર ૧૫ શક્તિશાળી વાવાઝોડા ત્રાટક્યા છે.

વાવાઝોડાની આગાહીએ હોંગકોંગની તમામ ફલાઇટો રદ કરવામાં આવી હતી જેથી૧ લાખ પ્રવાસીઓ અટકાઇ ગયા હતા.

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.